વિશ્વ સંવાદ કેન્દ્ર

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com
Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૬૪ દિનાંક : ૧૫.૧૧.૨૦૧૭ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## હિન્દુ આધ્યાત્મિક એવં સેવા ફાઉન્ડેશન (HSSF) દ્વારા ૨૩ ડિસેમ્બરે, રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે ભવ્ય મેળાના આયોજનની પૂર્વ તૈયારી તથા ૫મી થી ૮મી જાન્યુઆરી ભવ્ય મેળો

હિન્દુ આધ્યાત્મિક સંસ્થાઓમાં સેવાકીય અભિગમના ધ્યેયને પ્રોત્સાહિત કરવા ઉપરોક્ત મેળાનું ભવ્ય આયોજન થયું છે. HSSFનું લક્ષ્ય આ સંસ્થાઓમાં થતા સેવાકાર્યોને ઉજાગર કરવાનું છે.

આ મેળાના થીમમાં (૧) વનોનું સંરક્ષણ તથા વન્યજીવોની સુરક્ષા (૨) પર્યાવરણની સુરક્ષા (૩) જીવસૃષ્ટિનું સંતુલન (૪) માનવીય તથા પારિવારિક મૂલ્યોનું સંરક્ષણ (૫) રાષ્ટ્રભક્તિ જાગરણ તથા (૬) આધુનિક તથા વૈશ્વિક વિચારોના સતત મારને કારણે વિદ્યાર્થીઓ તથા યુવાધનના સામાજિક મૂલ્યોનું ધોવાણ - વગેરે રહેશે.

આ મેળામાં ૫૦૦થી પણ વધુ શાળા-કોલેજો તેની પૂર્વતૈયારી માટે ભાગ લેશે. મેળાની પ્રવૃત્તિઓ કન્યાવંદન, માતૃવંદન, આચાર્યવંદન, ગંગા-તુલસી વંદન, વીર વંદન વગેરેની પૂર્વતૈયારી તથા રીહલસર થશે. આ પૂર્વતૈયારી માટે ગુજરાતના ખ્યાતનામ જે તે ક્ષેત્રના કસબીઓ-કલાકારો-સાહિત્યકારો, લોકનાયક તથા શિક્ષક-આચાર્યવૃંદ માર્ગદર્શન કરશે.

આપણા ગુજરાત રાજ્યમાં પણ આ ફાઉન્ડેશન દ્વારા ૫મી થી ૮મી જાન્યુઆરીના રોજ ભવ્ય મેળાનું આયોજન છે. તેમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાના બાળકો-વિદ્યાર્થીઓ સામૂહિક વન્દેમાતરમ્‌નું ગાન કરી નિત્ય મેળાને જીવંત રાખશે. ફાઉન્ડેશન પોતાના લક્ષ્યને પહોંચી વળવા તથા નિર્ધારિત થીમ માટે ગુજરાત તથા અમદાવાદ શહેરના વિદ્યાર્થી-યુવાધનને પ્રોત્સાહિત કરશે. આ ભવ્ય મેળાના આયોજનથી ગુજરાતમાં લોકજાગૃતિ તથા ભારતીય સંસ્કૃતિ તથા હિન્દુ પરિવાર પ્રબોધનને પ્રોત્સાહન મળશે.

દેશની ધાર્મિક સંસ્થાઓ ખાસ કરીને ગુજરાતની વિવિધ સંપ્રદાયની ધાર્મિક સંસ્થાઓ તેમના સેવાકીય કાર્યો તથા હિન્દુ જીવનપદ્ધતિના પ્રચાર-પ્રસારના વિશિષ્ટ કાર્યને આ મેળામાં પ્રદર્શિત કરશે. HSSFના સ્થાપકો, સમિતિઓ તથા સ્વયંસેવકો આ ભવ્ય મેળાના આયોજનમાં સતત કાર્યરત છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખીલ ભારતીય કાર્યકારી મંડળની બેઠકમાં મહત્વના નિર્ણયો

વિક્રમ સંવત ૨૦૭૪ માટે RSSની અખીલ ભારતીય કાર્યકારી મંડળની ત્રિદિવસીય બેઠક મળી. જેમાં અખીલ ભારતીય પ્રચાર પ્રમુખ ડૉ. મોહનજી વૈદ્ય તથા સરકાર્યવાહ શ્રી ભૈયાજી જોષીનું મુખ્ય માર્ગદર્શન મળ્યું. દેશમાં સંઘકાર્યનું વિશ્લેષણ પણ થયું. સંઘની બેતૃતીયાંશ શાખાઓ ગામડામાં અને એક તૃતિયાંશ શાખાઓ નગરોમાં ચાલે છે. આ બેઠકમાં બે મહત્વની બાબતો પર ભાર મૂકતા શ્રી ભૈયાજી જોષીએ જણાવ્યું કે

ગ્રામવિકાસ તથા કુટુંબ પ્રબોધન આ બે સંઘકાર્યો ખૂબ જ મહત્વના છે. દેશની ૬૦ ટકા વસતી ગામડાંઓમાં રહે છે. આજે સંઘ તથા રાષ્ટ્ર સમક્ષ ગ્રામ વિકાસ મોટો પડકાર છે. ખેડૂતોના પ્રશ્નોને સમજી તેના ઉકેલની દિશામાં સંઘે માર્ગદર્શન કરવું પડશે. શ્રી ભૈયાજીએ કહ્યું કે સરકારની આર્થિક વિકાસની નીતિમાં ખેડૂતોને સક્ષમ બનાવવાની જરૂર છે. પોષણક્ષમભાવો તથા જૈવિક ખેતીને પ્રાધાન્ય અપાવું જોઈએ. ગ્રામ વિકાસ ક્ષેત્રમાં સંઘ દેશના ૩૦-૩૫ વર્ષની ઉંમરના યુવાનોને સાથે રાખી વિવિધ યોજનાઓને સફળ બનાવાશે.

વ્યક્તિ નિર્માણમાં તેના પરિવારની ભૂમિકા મહત્વની હોય છે. બાળકોને સંસ્કાર તથા જવનદૃષ્ટિના પાયાનાં મૂલ્યો કુટુંબમાંથી મળે છે. સંઘ આ ક્ષેત્રમાં સમાજ જાગરણનું કામ કરે છે. આ કાર્ય માટે હજુ ૨૦ લાખ પરિવારનો જ સંપર્ક થયો છે. અને સવા કરોડ લોકો જ સંઘના સંપર્કમાં છે. કુટુંબ પ્રબોધનની આ દિશામાં મંડળની બેઠકમાં ચિંતા સાથે નવીન સંઘકાર્યપ્રણાલી અંગે નિર્ણય લેવાયો હતો.

આ ઉપરાંત બેઠકમાં રોહિંગ્યા શરણાર્થીઓ, જમ્મુ-કાશ્મીરના પ્રશ્નો તથા રામમંદિરના નિર્માણ વગેરે બાબતો પર પણ ચિંતન તથા માર્ગદર્શન થયું હતું. તદ ઉપરાંત આરક્ષણ અંગે ડૉ. બાબાસાહેબના જે ઉદ્દેશથી આરક્ષણની વ્યવસ્થાનુ સૂચન હતું અને તેના ઉદ્દેશ્યની પૂર્તિ વિષે ચિંતન તથા આકલન કરવાની જરૂર છે તેવું બેઠકમાં વિચારાધીન હતું.

## વામપંથી (કોમ્યુનિસ્ટ) હિંસાના વિરોધમાં અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા કેરલમાં મહારેલી

અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી વિનય બિદ્રેએ એક પ્રેસ કોન્ફરન્સમાં દિલ્હીમાં સ્વયંસેવકોને કેરલમાં કાર્યકર્તાઓ તથા હિન્દુઓની હત્યા અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે. પૂર્વગ્રહયુક્ત તથા પૂર્વયોજિત કાવત્રાથી સંઘના કાર્યકર્તાઓ તથા હિન્દુઓની હિંસા દેશ માટે ચિંતાનો વિષય બન્યો છે. ૧૧ નવેમ્બરે ૫૦ હજારથી પણ વધુ કાર્યકર્તાઓ-સ્વયંસેવકોએ આ મહારેલીમાં ભાગ લીધો હતો. 'ચલો કેરલ'ના નારા સાથે હિંસાની વિરુદ્ધ આક્રોશ રજૂ થયો હતો. કેરલમાં ગુંડાઓ રાજ્યાશ્રથી હિંસા આચરે છે. એબીવીપીએ તેના શહીદોને ન્યાય મળે તેવી માંગણી કરી હતી. કેરલના એબીવીપીના પ્રદેશ મંત્રીશ્રી શ્યામ રાજે જણાવ્યું કે રાષ્ટ્રવાદી વિચારધારાવાળા કાર્યકર્તાઓમાં કેરલના ગુંડા તત્વો ભયની લાગણી ફેલાવે છે તે હવે સાંખી શકાશે નહિ. વિદ્યાર્થીઓની સામે શિક્ષક જયકૃષ્ણનની હત્યા ખૂબ જ દયનીય તથા ગંભીર ઘટના છે. પમ્પા નદીમાં પોતાનો જીવ બચાવી દોડેલા એબીવીપીના વિદ્યાર્થીઓને પથ્થરોથી મારી નાખ્યા હતા તે શહાદતને એબીવીપી ભૂલી શકસે નહિ. હવે ! સમય પાકી ગયો છે કેરલમાં ગુંડાતત્વો તથા કોમ્યુનિસ્ટોને જવાબ આપવો પડશે. તેમને દેશ સમક્ષ ખુલ્લા પાડવાનો સમય પાકી ગયો છે. કેરલની કોમ્યુનિસ્ટ સરકાર રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા માટે ખતરો છે. ભારતીય સંસ્કૃતિ તથા હિન્દુ જીવન પદ્ધતિના આધાર પર ઊભેલું રાષ્ટ્ર જાગે તથા આવા ગુંડા તત્વોને પડકારે તેવું અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદે દેશને આહ્વાન કર્યું છે.

## ભારત-તિબેટ સહયોગ મંચ (BSTM) દ્વારા તવાંગ તીર્થ યાત્રા - ૨૦૧૭ની ગુજરાતમાં પૂર્વતૈયારી-બેઠક

ચીનની વિસ્તારવાદની મેલી મુરાદથી તેના પડોશી દેશો ચિંતિત છે. આપણા પાડોશી દેશો ચીનના આધિપત્યથી બચાવ ભારત તરફ મીંટ માડે તે સ્વાભાવિક છે. ભૂતાન, સિક્કિમ, તિબેટ, નેપાળ વગેરે દેસોએ ચીનનો પ્રતિકાર કરવા મદદની આશા રાખી છે. ચીનની બૂરી નજર તો આપણા નોર્થ-ઈસ્ટના અરૂણાચલ સહિતના પ્રદેશો પર છે. આ સંજોગોમાં ભારતે પોતાના પ્રદેશની રક્ષા તથા પડોશી દેશોની સુરક્ષા માટે છેલ્લા દસેક વર્ષથી પ્રયત્નો કર્યા છે. તેમાં વળી એક લાખથી પણ વધુ તિબેટી શરણાર્થીઓ ભારતને શરણે આવ્યા છે. તિબેટના આધ્યાત્મિક ગુરુ દલાઈ લામા પણ હાલ ભારતમાં છે.

ભારતમાંથી રાષ્ટ્રભક્તોએ તિબેટને મદદ કરવાની શરૂઆત કરી છે. દેશના રાષ્ટ્રીય સંગઠનો પણ આ કાર્યમાં સાથ સહકાર આપે છે. આ માટે ભારત-તિબેટ સહયોગ મંચ (BSTM) દેશમાં કાર્યરત છે. ઈ.સ. ૨૦૧૨થી આ મંચ તવાંગ તિર્થયાત્રા યોજે છે. ગુજરાતમાંથી પણ પ્રતિવર્ષે આ યાત્રામાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો જોડાય છે. આ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે. આ યાત્રાના ગુજરાતના સહસંયોજક શ્રી રામ કિશોર પસારીજી છે તથા મહામંત્રી તરીકે મિહિર શિકાર છે. જે આ યાત્રાનું માર્ગદર્શન કરે છે.

તવાંગ તીર્થયાત્રા-૨૦૧૭ માટે ગુજરાતમાંથી ૪૫ની સંખ્યામાં સ્વંયસેવકો જોડાય તેવી સંભાવના છે. આ યાત્રાની પૂર્વતૈયારી માટે તથા આ યાત્રામાં અગાઉના વર્ષોમાં જોડાયેલ સ્વંયસેવકોની એક બેઠક માધવ-સદન-સંઘકાર્યાલય, ઉસ્માનપુરા ખાતે યોજાઈ છે. અમદાવાદ-સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર તથા સુરતમાંથી સ્વયંસેવકો જોડાયા છે. શ્રી પસારીજીએ સમગ્ર પ્રવાસની યોજના તથા પ્રવાસ દરમિયાનની દિનચર્યાનો ખ્યાલ આપ્યો હતો. યાત્રાની પૂર્વતૈયારીની બેઠકમાં યાત્રામાં જોડાનાર યાત્રિકોએ અરૂણાચલ-ગૌહાટી તથા તવાંગ જેવા દુર્ગમ વિસ્તારમાં પ્રવાસ અંગેના પ્રસ્નો પૂછ્યા હતા. ૧૯૬૨માં ચીન સામેના યુદ્ધમાં તવાંગના જશવંતગઢના વીર શહિદ જશવંતસિંહની શહાદતની સાહસિક ગાથા અંગે

પણ આ બેઠકમાં જાણકારી મળી હતી. દેશના મોટાભાગના રાજ્યમાંથી આ યાત્રામાં સ્વયંસેવકો જોડાશે. ગૌહાટીમાંથી તવાંગ યાત્રાને પ્રારંભ થશે. તા. ૧૯થી ૨૪ નવેમ્બરના સમયગાળામાં આ યાત્રા યોજાશે. આ યાત્રાના ગુજરાતના સદસ્ય શ્રી મહેશભાઈ જોશીએ પણ યાત્રિકોમાં ઉત્સાહ વધાર્યો હતો. દેશભરમાંથી રાષ્ટ્રભક્તો આ યાત્રામાં ઉત્સુકતા દર્શાવી રહ્યા છે તેમાં ગુજરાત પણ મોખરે રહ્યું છે.

## કાશ્મીર ઘાટીના અનંતનાગમાં ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારા લાગ્યા

કાશ્મીર ગાટીના આતંકવાદથી પ્રભાવિત જિલ્લાઓમાં સમાવિષ્ટ અનંતનાગ જિલ્લામાં આતંકવાદના વિરોધનો અવાજ ઊઠી રહ્યો છે. એક હજારથી પણ વધુ મહિલાઓએ અનંતનાગમાં ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારા લગાવ્યા હતા. રાષ્ટ્રીય મહિલા મોર્ચા અધ્યક્ષ વિજય રહાટકરની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાયો હતો. બેટી બચાઓ, બેટી પઢાઓથી માંડી મહિલા સ્વાસ્થ્ય અંગે ભારત સરકારની યોજનાઓનો પણ મહિલાઓને ખ્યાલ અપાયો હતો.

હિન્દુ-મુસ્લિમ ભાઈચારાનું વિશિષ્ટ - અનોખું દ્રશ્ય પણ અનંતનાગમાં જોવા મળ્યું હતું. જમ્મુ જગતી કેંપ નિવાસી પંડિત સુશીલ ઘરના લગ્નની જાન (બારાત) અનંતનાગ પહોંચી ત્યારે ત્યાંના મુસ્લિમોએ જાનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. મટ્ટન સ્થિત મંદિરમાં નવપરિત યુગલે પૂજા અર્ચના કરી હતી. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓ યુગલને આર્શિવાદ આપ્યા હતા. એ જાણીને આશ્ચર્ય થાય છે કે છેલ્લા ૨૮ વર્ષમાં અનંતનાગમાં કોઈ હિન્દુની જાન આવી નહોતી. આ દરમિયાન બંને ધર્મના ભાઈ-બહેનોએ ભારત માતા કી જય તથા વંદે માતરમ્‌ના નારા લગાવ્યા હતા. અનંતનાગમાં શાંતિ સ્થાપવા માટેના પ્રયત્નોમાં આ ઘટના મહત્વની બની રહેશે.

## હવે ! અડધા કલાકમાં જ કેન્સરનો ઈલાજ થશે

ઓપરેશન વગર માત્ર અડધા કલાકમાં જ કેન્સરના કોષોનો નાશ કરવાનો દાવો આઈઆઈટી મુંબઈ તથા ટાટા મેમોરિયલ ઇસ્પિતાલ મુંબઈની સંયુક્ત ટૂકડીએ કર્યો છે. રિસર્ચ સ્કોલર દીપક સિંહ ચૌહામે આ અંગે ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે ગોલ્ડ પોલિમર નેનો પાર્ટિકલ્સ તથા નિયર ઇન્ફ્રારેડ લાઈટ (અવરક્ત પ્રકાશ)ની મદદથી માત્ર અડધા કલાકમાં કેંસરના કોષોનો નાશ કરી શકાશે. આ ટેકનીકથી મોં, સ્તન, જીભના કેન્સર તથા અન્ય ટ્યૂમર, મેલાનોમા તથા કોલન કેન્સરને પણ મટાડી શકાશે. તેમણે જણાવ્યું કે ઇન્ફ્રારેડ પ્રકાશ નેનોકણોને ગરમ કરે છે, જે કેંસરની કોશિકાઓનો નાશ કરે છે. આ પ્રકાશનો તથા નેનો કણોના પ્રહારથી શરીરમાં કોઈ વિપરિત અસર થતી નથી.

## વારાણસીમાં મુસ્લિમ બહેનોએ ભગવાન રામની આરતી ઉતારી તથા ધન્વંતરિ જયંતી પર કોલેજના હવન કાર્યક્રમમાં હાજી ઈકબાલે આહૂતિ આપી

ઉત્તર પ્રદેશના વારાણસીમાં મુસ્લિમ બહેનોએ દિવાળીની પૂર્વ સંધ્યાએ ભગવાન રામની આરતી ઉતારી હતી. સર્વધર્મ સમભાવના પ્રતિક ભગવાન શ્રી રામ મર્યાદા પુરુષોત્તમ, વિશ્ર્વ આદર્શ રાજા તથા રામરાજ્યની રાજ્યવ્યવસ્થાના વિશ્વવંદનીય રાષ્ટ્રપુરુષ વસુધૈવ કુટુંબકમ્‌ની સંકલ્પનાના જનક સ્વરૂપે વિશ્વમાં પૂજાય છે.

આવી એકબીજી ઘટના ગ્લોબલ વિશ્વવિદ્યાલયમાં બની છે. આ કૉલેજમાં આયુર્વેદના ઋષિ ધન્વંતરિ જે સમુદ્રમંથનમાંથી પ્રગટેલા ૧૪ રત્નોમાંના એક હતા તેમની જન્મજયંતિ ઉજવાઈ હતી. આ કોલેજના ચેરમેન હાજી ઈકબાલ છે. આ પ્રસંગે અનેક ધાર્મિક વિધિઓ ચાલતી હતી. તેમાં હવનકુંડમાં હવનની આહૂતિઓ અપાતી હોય છે. આ હવનના યજમાન તથા સંસ્થાના વડાઓ દ્વારા આહુતિ તથા તેમને અનુરૂપ મંત્રોચાર વિધિ થતી હોય છે. હાજી ઈકબાલે પણ પોતાની કોલેજના આ ધન્વંતરિ જયંતિના પ્રસંગે આ આહૂતિમાં ભાગ લીધો હતો. તેમના મતે આયુર્વેદનું જ્ઞાન તથા તેના જનક સમગ્ર સૃષ્ટિ માટે આદર્શ હોય છે. આવા આદર્શ મહાપુરુષો માટે કોઈ સંપ્રદાય કે ધર્મના વાડા નડતા નથી.

## સ્વદેશી યુદ્ધપોત આઈએનએસ ક્લિન્ટનને રક્ષામંત્રી નિર્મલા સીતારમણે રાષ્ટ્રને સમર્પિત કર્યું

હિન્દ મહાસગરમાં ચીનની પવનડુબ્બિયો વધતાં ભારતની સુરક્ષા માટે ખતરો છે તથા ભારતના

સમુદ્રીક્ષેત્રમાં ભારતીય નૌસેના પણ દેશની સુરક્ષા માટે સક્રિય બન્યું છે. ભારતીય નૌકાદળમાં દેશની સુરક્ષા માટે અતિ આધુનિક યુદ્ધપોતની આવશ્યકતા હતી. સેંસર તથા મારક હથિયારોથી સજ્જ યુદ્ધપોતનું સ્થાન હવે આઈએનએસ ક્લિન્ટને લીધું છે. આ યુદ્ધપોતના નિર્માણમાં ૮૧ ટકા ભાગો સ્વદેશી છે. હવે ભારતમાં પણ યુદ્ધ સમયે ઉપયોગી પ્રણાલીઓનું ઉત્પાદન થવા માંડ્યું છે. ભારતના રક્ષામંત્રી નિર્મલા સીતારમણે આ આધુનિક યુદ્ધપોત રાષ્ટ્રને સમર્પિત કર્યું છે.

## મોહર્રમ-તહેવારમાં મુસ્લિમ યુવાનો દ્વારા રક્તદાનનો અનોખો પ્રસંગ

સામાન્ય રીતે મુસ્લિમધર્મના મહોર્રમ ઉત્સવમાં યુવાનો કરબલાના શહીદોની યાદમાં પોતાના શરીર પર ઘા કરી, લોહી વડેવડાવી માતમ મનાવે છે. પણ અંબાડીના શીયા મુસ્લિમ યુવાનોએ આ તહેવારમાં રક્તદાનશિબિરનું આયોજન કર્યું હતું. હરિયાણાની અંજુમન-એ-હૈદરી કમિટિ તથા બલ્તી યુથ ફેડરેશને અંબાડીમાં રક્તદાન શિબિર યોજી સમાજને સેવાકાર્યનો શુભસંદેશ આપ્યો છે. આઈએએમ બ્લડ બેંકના સહયોગથી ૧૨૨ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

શીયા સમુદાયના અયૂબ હસને જણાવ્યું કે મોહર્રમના દિવસે માતમ મનાવીને જમીન પર ખૂન વહેવડાવવાની જગ્યાએ શીયા મુસ્લિમભાઈઓ તથા યુવાનોએ રક્તદાનનો નિર્ણય કર્યો હતો. મનુષ્યનું લોહી કિંમતી છે તે કોઈનો પણ જીવ બચાવી શકે છે તેમ જણાવી અયૂબે યુવાનોને આ ઉમદા કાર્ય માટે અભિનંદન આપ્યા હતા.

## બિહારમાં લગ્નપ્રસંગે અનોખું શપથ-પત્ર

બિહારમાં વર-વધુએ સાત ફેરા ફરતાં પહેલાં એક શપથ-પત્ર લગ્નના હોલ માટેના બુકીંગ સમયે આપવું પડશે. આ શપથ-પત્રમાં લખાયેલું લખાણ પણ સમાજને શુભસંદેશ આપે છે. તેમાં લખવું પડે છે કે 'આ લગ્ન બાળવિવાહ નથી તથા આ લગ્ન માટે કોઈપણ પ્રકારના દહેજની લેણ-દેણ થઈ નથી.' બિહારમાં લગ્નપ્રસંગની આ બાંહેધરીપત્રની રજૂ કરવાની ઘટના દેશના અન્ય રાજ્યો જ્યાં બાલવિવાહ તથા મોટા દહેજની લેણદેણ થાય છે તેમને પ્રેરણા આપશે. હજુ આપણા દેશના કેટલાક સમાજમાં બાળલગ્ન તથા દહેજપ્રથાના દૂષણો છે. જે સમાજની તંદુરસ્ત જીવનપ્રણાલીને પ્રભાવિત કરે છે. તેના ગંભીર પરિણામોમાં છૂટાછેડા, આપઘાત તથા કૌટુંબિક વેરભાવ અને હિંસાનો જન્મ થાય છે અને પરિવાર પ્રબોધનની ગતિમાં અવરોધ ઊભો થાય છે.

## રાજસ્થાનના પાકિસ્તાનની સીમા પર આવેલ જેસલમેરમાં લશ્કરે વીજળીની વ્યવસ્થા કરી

વર્ષો સુધી વીજળીથી વંચિત રહેલી ભારતીય સીમાઓને વીજળીથી સજ્જ કરવા લશ્કરે કવાયત હાથ ધરી છે. આ સંદર્ભે રાજસ્થાનના જેસલમેર જે પાકિસ્તાનની સીમાથી માત્ર બે કિલોમીટર છે ત્યાં દુર્ગમ વિસ્તાર છે. જ્યાં રણમાં સાપ તથા વિંછીઓનો ભય રહે છે. આ સરહદ પરથી પસાર થતાં લોકોના રૂંવાટાં ઊભા થઈ જાય છે. ત્યાં વીજલીની વ્યવસ્થા ખૂબ જ અઘરૂં કામ હતું. છતાં બીએસએફના રાજસ્થાન ફ્રંન્ટિયરે આ વીજળીની વ્યવસ્થા કરી છે. અહીંની તારબંદી પર જ સોલાર પેનલ લગાવી છે. રાત્રે આ દુર્ગમ વિસ્તાર રોશનીથી ઝળહળી ઉઠે છે. ચોવીસ વોટની એલઈડી બેસાડી સંરક્ષક દળોએ દેશની સુરક્ષા વધારી છે.

## અમેરિકામાં અસુરક્ષિત બનતું સામાન્ય જન-જીવન - લોકો હેન્ડગન લઈને નીકળે છે

એક સંશોધનના સર્વેક્ષણ પ્રમાણે અમેરિકનોનું સામાન્ય જન-જીવન અસુરક્ષિત બનતું જાય છે. સામાન્ય રીતે હેન્ડગન સ્વરક્ષણ માટે તથા ગાર્ડ પાસે હોય છે. પણ અમેરિકામાં પ્રતિદિન આશરે ૩૦ લાખથી પણ વધુ સામાન્ય-નાગરિક, નોકરિયાત કે ધંધાદારી નાગરિકો પોતાની પાસે હેન્ડગન રાખે છે. અમેરિકામાં હજુ પણ વંશવાદ, બાળકો-યુવાનોમાં માનસિક અસમતુલન, મનોરોગીઓની સંખ્યામાં થતો સતત વધારો જેવા અનેક કારણોને લીધે નાગરિકો પોતાની પાસે હેન્ડગન રાખે છે. અમેરિકાની શાળા-મહાશાળાઓમાં બાળકો પણ આ હેન્ડગનથી હિંસા કરતા હોવાની ઘણી ઘટનાઓ નોંધાઈ છે. આ હેન્ડગન બુટ, જાંઘ કે કમરમાં સંતાડે છે. આ હેન્ડગન ઉપર લેધરનું કવર રાખે છે જેના પર નિયમિત પોલિસ કરે છે.

* * *